ગ્રામ્ય વિસ્તારને પીવાના પાણી માટે ટેન્કરોથી પાણી આપવાની નીતિ નક્કી કરવા અંગે...

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:વીડબલ્યુએસ-૧૯૯૦-૧૦૨-ન,
તારીખ:૨૨-૧-૧૯૯૦.

મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર મા.મહેસુલ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને હાઇ પાવર કમિટિની રચના કરવામાં આવેલ. આ સમિતિના સુચન મુજબ પીવાના પાણી અંગે ટુંકાગાળાના તથા લાંબાગાળાના ઉપાયો અંગે નિર્ણય લેવાયેલ. જે સંદર્ભમાં અછત સિવાયના સમય દરમ્યાન પાણી આપવા અંગેની નીતિ માટે નીચે પ્રમાણે આદેશ કેબીનેટમાં મંજુર થયા અનુસાર બહાર પાડવામાં આવે છે.

જે ગામડાઓમાં પાણીની સગવડ ન હોય તેવા ગામોને ટેન્કરથી પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આ માટે મહેસુલ વિભાગ પાસે ટેન્કર યુનિટ હતું, જે મહેસુલ વિભાગના તા.૧૮-૧-૯૦ના ઠરાવથી વર્કશોપ વિગેરે અસ્કયામતો અને બજેટ સાથે આ વિભાગને તબદીલ કરેલ છે. તે મુજબ આ વિભાગના પરિપત્ર ક્રમાંક:વી.ડબલ્યુ.એસ.-૧૯૯૦-૧૦૨-ન તા.૧૮-૧-૯૦થી ટેન્કરો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને તબદીલ કરવા જરુરી આદેશ બહાર પાડવામાં આવેલ છે.

આ વિભાગ દ્વારા ટેન્કરોની પીવાના પાણી અંગે ફાળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

ઠ...રા...વ

(૧) પીવાના પાણી માટે ટેન્કરોથી માંગણી જે તે જિલ્લા સમાહર્તા પાસે કરવાની રહેશે અને આ માટે સમાહર્તાશ્રીના અધ્યક્ષપદે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા મથકના પાણીપુરવઠા બોર્ડના કાર્યપાલક ઇજનેરશ્રી સિવિલ તથા યાંત્રિક અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની સમિતિ નિર્ણય કરે તે મુજબ ટેન્કરોની ફાળવણી કરવાની રહેશે. ટેન્કર ફાળવવા માટે વ્યક્તિદીઠ ૧૪ લીટર પીવાનું પાણી મળી રહે તે ધોરણ અપનાવવું.

..૨/-

(૨) પાણીની ઉપલબ્ધતા અંગે ટેન્કર ભરવા માટેની વ્યવસ્થા અછત દરમ્યાન જે મુજબની વ્યવસ્થા જિલ્લા તેમજ તાલુકા સ્તરે હતી, તે મુજબની વ્યવસ્થા અપનાવવી.

(૩) સમાહર્તા સમિતિએ નક્કી કર્યા મુજબના ટેન્કરો જે તે તાલુકા પંચાયતને ગુજરાત પાણી પુરવઠા બોર્ડ તરફથી ફાળવવામાં આવશે અને ત્યારબાદ તેને ચલાવવાની જવાબદારી જે તે તાલુકા પંચાયતે લેવી. આ માટે ડ્રાઇવર, કલીનર, પેટ્રોલ, ડીઝલ અને નાના પ્રકારનું (માઇનોર રીપેરીંગ) રીપેરીંગનું ખર્ચ જે તે તાલુકા પંચાયતે કરવાનું રહેશે.

ટેન્કર ચલાવવા માટેનો ખર્ચ તેમજ ટેન્કરનું ભાડું મળી જે કુલ ખર્ચ થાય તેની ૯૦% રકમ સરકાર ગ્રાન્ટ તરીકે ભોગવશે અને ૧૦% ખર્ચ જે તે તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતે ભોગવવાનો રહેશે.

(૪) આ નીતિ ગયા ઉનાળામાં એટલે કે ૧૯૮૯ના વર્ષના ઉનાળામાં વપરાયેલ ટેન્કરો માટે પણ અપનાવવી અને જે જિલ્લા પંચાયતોએ આ ખર્ચ માટે લોન લીધી હોય તેમાંથી ૯૦% રકમ ગ્રાન્ટમાં રુપાંતર કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.વ્ર.માંકડ
નાયબ સચિવ( તાંત્રિક ),
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા સમાહર્તાશ્રીઓ,
- તમામ મુખ્ય ઇજનેરશ્રી, ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ, ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

..3/-

- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- તમામ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
- નાણાં શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
- સંયુકત નિયામક અને અધિક્ષક ઇજનેરશ્રી, વોટર ટેન્કર ઓર્ગેનાઇઝર, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રાહત નિયામકશ્રીની કચેરી, મહેસુલ વિભાગ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી સ.૪ શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી સ.પ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ''પ'' અને ''ન'' શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

37

283